# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 30-08-2025 Day: Saturday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **પરેશ મારૂ** વાંચે છે.

---

## રાજ્ય : કચ્છ વન મહોત્સવ

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં ખેડાના ગળતેશ્વર ખાતે '76મો વન મહોત્સવ' યોજાયો. દરમિયાન રાજ્યના 24મા સાંસ્કૃતિક વન 'ગળતેશ્વર વન'નું લોકાર્પણ કરાયું.

સામાજીક વનીકરણ વિભાગ કચ્છ દ્વારા આયોજિત કચ્છ જિલ્લાકક્ષાના વન મહોત્સવની ઉજવણી બીજી સપ્ટેમ્બરના કચ્છ યુનિવર્સિટી ભુજ ખાતે સવારે 10 વાગ્યે કરવામાં આવશે. રાજ્ય બાળ અધિકાર સંરક્ષણ આયોગના ચેરમેન ધર્મિષ્ઠાબેન ગજ્જર, જિલ્લા પંચાયત પ્રમુખ જનકસિંહ જાડેજા તથા સાંસદ વિનોદભાઇ ચાવડાના અતિથિ વિશેષપદે આ ઉજવણી કરવામાં આવશે.

---------------------------------------------------------------------------------------------

## યક્ષના મેળાની તૈયારી

કચ્છનો સૌથી મોટો મેળો મોટા યક્ષના મેળાને હવે ગણતરીના દિવસો બાકી છે. કચ્છના ભાતીગળ મેળાને આખરી ઓપ આપવામાં આવી રહ્યો છે. મેળામાં ધંધાર્થીઓ માટે 600થી વધુ પ્લોટની ફાળવણી કરવામાં આવી છે. 7 સપ્ટેમ્બરથી 10 સપ્ટેમ્બર સુધી યોજાનારા ચાર દિવસીય મેળામાં લાખો સહેલાણીઓ ઉમટશે. પાછલા થોડા વર્ષોથી દિવસને બદલે રાત્રે મેળો વધુ જામે છે.

મેળામાં લોકોના ધસારાને ધ્યાનમાં રાખી પાંચ પોલીસ પોઇન્ટ મૂકવામાં આવ્યા છે. મેળામાં કાયદો અને વ્યવસ્થા જાળવવા 3 પી.આઇ. અને 13 પીએસઆઇ સહિત 300થી વધુ

પોલીસ કર્મચારીઓ, 50 હોમગાર્ડ જવાનો અને જીઆરડીના 50 કર્મચારીઓ મેળામાં ફરજ બજાવશે. ટ્રાફિકને પહોંચી વળવા ઠેકઠેકાણે પોલીસ સુરક્ષાગાર્ડ મૂકવામાં આવશે.

---

## રવેચીનો મેળો

રાપર તાલુકામાં આવેલાં સુપ્રસિદ્ધ રવેચી માતાનો મેળો આવતીકાલે રવિવારે યોજાશે. આજે રાત્રે સંતવાણીના કાર્યક્રમનું આયોજન કરાયું છે જેમાં ગુજરાતના જાણીતા કલાકારો સંતવાણી રજૂ કરશે. આ વખતે સારો વરસાદ થયો હોવાથી કચ્છ-સૌરાષ્ટ્ર, ગુજરાત સહિત, મુંબઈ, પૂણે, બેંગ્લોર વગેરે દૂર-દૂરથી ભાવિકો માતાજીને માથું નમાવવા અને મેળો માણવા ઊમટી પડશે. મેળા માટે સવારથી એસટી દ્વારા સ્પેશિયલ બસોની વ્યવસ્થા કરવામાં આવી હોવાનું જાણવા મળ્યું છે.

---

## અંજારમાં શાહી પારણા

અંજારના મહાવીર સ્વામી જિનાલયના 25 વર્ષ સિધ્ધ તપના 261 તપસ્વીઓનો શાહી પારણા મહોત્સવ યોજાયો હતો. આ અતંર્ગત શહેરના મુખ્ય માર્ગ ઉપરથી અંદાજીત 1 કિલોમીટર કરતા લાંબી શોભયાત્રા નીકળી હતી. અંજારમાં જૈન સમાજના ઘરો-ઘરમાં સિધ્ધીતપના તોરણો બંધાયા હતા. જેમાં 32 બાળકો સહિત 261 તપસ્વીઓએ સિધ્ધી તપ કર્યું હતું. તપસ્વીઓની નીકળેલી શોભાયાત્રામાં 5 જેટલા વાહનો જોડાયા હતા તથા માર્ગ પર રંગોળી કરવામાં આવી હતી. શોભાયાત્રાની પૂર્ણાહુતિ બાદ તપસ્વ્ઓનો સન્માન સમારંભ યોજાયો હતો.

---

## હથિયારબંધી જાહેરનામું

કચ્છમાં યોજાનારા ધાર્મિક તહેવારો, મેળાઓ તથા ઉત્સવોની ઉજવણી અંતર્ગત કાયદો અને વ્યવસ્થા જળવાઇ રહે તેમજ કોઇ અનિચ્છનીય બનાવ ન બને તે માટે સાવચીતના પગલા રૂપે અધિક જિલ્લા મેજિસ્ટ્રે ટ ડી.પી.ચૌહાણે 13 સપ્ટેમ્બર સુધી સમગ્ર કચ્છ જિલ્લામાં હથિયારબંધીના આદેશ જાહેર કર્યા છે. આ જાહેરનામા અન્વડયે હથિયાર લઇ જવાની ફરજ હોય, પરવાનગી આપી હોય કે અધિકૃત કરી હોય તે સિવાયની કોઇ વ્યધક્તિ જાહેરનામાનો ભંગ કરનાર અથવા ઉલ્લંહઘન કરનારને ઓછામાં ઓછી ૪ માસની અને વધુમાં વધુ ૧ વર્ષની કેદની સજા થશે. આ ઉપરાંત ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ ૧૩૫ (૧) મુજબ દંડની સજા થશે.

આ ઉપરાંત જિલ્લાની વિવિધ સરકારી કચેરીઓમાં કે તેની 100 મીટરના પરિસરમાં ધરણા, પ્રતિક ધરણા, ભૂખ હડતાલ પર બેસવા કે ઉપવાસ પર બેસવા અંગે મનાઇ ફરમાવતો જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે. આ જાહેરનામાનો અમલ 13 સપ્ટેમ્બર સુધી કરવાનો રહેશે.

---------------------------------------------------------------------------------

## મન કી બાત

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે સવારે 11 વાગે આકાશવાણી પરથી પ્રસારિત થનાર 'મન કી બાત' કાર્યક્રમમાં વિવિધ વિષયો ઉપર પોતાના વિચારો રજૂ કરશે. માસિક રેડિયો કાર્યક્રમની આ 125મી કડી હશે. હિન્દીમાં મન કી બાતના પ્રસારણ બાદ ગુજરાતીમાં તેનો ભાવાનુવાદ પ્રસારિત કરાશે.

આ કાર્યક્રમ આકાશવાણી અને દૂરદર્શનના સમગ્ર નેટવર્ક, આકાશવાણી ન્યૂઝ વેબસાઇટ અને ન્યૂઝ ઓન એર મોબાઇલ એપ્લિકેશન પર પ્રસારિત કરવામાં આવશે. મન કી બાતને આવરી લેતું કચ્છી બુલેટિન આવતી કાલે સાંજે 7 વાગીને 5 મિનિટે પ્રસારિત કરાશે.

---------------------------------------------------------------------------------

## કચ્છની ગાય તરણેતરમાં વિજેતા બની

ગુજરાતના સુપ્રસિદ્ધ તરણેતરના મેળામાં આયોજિત પશુ પ્રદર્શન હરીફાઇમાં આ વર્ષે ભુજ તાલુકાના કાંકરેજ ઓલાદની ગાય મલીરને ચેમ્પિયન ઓફ ધ શોનો ખિતાબ એનાયત કરવામાં આવ્યો છે અને સાથે પશુપાલક શિવભાઇને એક લાખ રૂપિયાનો રોકડ પુરસ્કાર પણ આપવામાં આવ્યો છે.

---------------------------------------------------------------------------------------

## ઘેટાં-બકરામાં પગનો રોગ

વરસાદના કારણે ભીની જમીન રહેવાના કારણે ઘેટાં-બકરામાં પગની બીમારી ફેલાવવાની ભીતિ સર્જાઇ છે. ઘેટાં-બકરાના પગનાં તળિયા નાજૂક હોય છે. ભીની જમીનના કારણે એ પગનાં તળિયાનો નાજૂક ભાગ પ્રથમ કુલી જાય અને સિમાડે ચારિયાણ દરમ્યાન એ ભીના સુંવાળા પગના ખોરમાં પથ્થર કે કાંટા ચૂભે અને પછી અસહ્ય પીડા થાય છે. જીણો માલ આ બીમારીમાં સપડાય અને અશક્ત બની જાય છે. નાના પશુઓમાં આ બિમારી ફેલાતા માલધારીઓમાં ચિંતા ફેલાઇ છે.

---------------------------------------------------------------------------------------